RNI. No.GUJGUJ/2014/56392

ક્રાઈમ કિંગ
Crime King Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 44 ✳Date:19.02.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

સરકાર ટેક ઉદ્યોગને બિનજરૂરી નિયમોમાંથી મુક્ત કરવા માટે કામ કરી રહી છે: પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી **NASSCOM** ટેકનોલોજી અને નેતૃત્ત્વ મંચ **(NTLF)**ને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કોરોનાના સમય દરમિયાન દૃઢ સંકલ્પબદ્ધ રહેવા બદલ **IT** ઉદ્યોગની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ''જ્યારે પરિસ્થિતિ સાનુકૂળ નોહતી ત્યારે તમારા કોડિંગથી આગળ વધતા રહ્યા હતા.'' તેમણે નોંધ્યું હતું કે, વિકાસ ઘટવાની આશંકાઓ વચ્ચે પણ આ ક્ષેત્રમાં ૨ ટકાની વૃદ્ધિ અને ૪ અબજ ડૉલરની વધારાની આવકનો ઉમેરો થયો હતો. પ્રધાનમંત્રીએ એ પણ નોંધ્યું હતું કે, આજનું ભારત પ્રગતિ કરવા માટે તત્પર છે અને સરકાર તેની લાગણીઓને સમજી રહી છે. તેમણે કહ્યું હતું કે, ૧૩૦ કરોડ ભારતીયોની મહત્વાકાંક્ષાઓ અમને ઝડપી ગતિએ આગળ વધવા માટે પ્રેરણા આપી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જેવી રીતે સરકાર પાસેથી નવા ભારત સંબંધિત અપેક્ષાઓ રાખવામાં આવે છે તેવી જ અપેક્ષાઓ ખાનગી ક્ષેત્રો પાસેથી પણ રાખવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભવિષ્યના નેતૃત્ત્વના વિકાસ માટે પ્રતિબંધો ક્યારેય અનુકૂળ હોતા નથી તે વાત સરકાર જાણે છે. સરકાર ટેક ઉદ્યોગને બિનજરૂરી નિયમોમાંથી મુક્ત કરવા માટે કામ કરી રહી છે. તાજેતરના સમયમાં રાષ્ટ્રીય દૂરસંચાર નીતિ, ભારતને વૈશ્વિક સોફ્ટવેર પ્રોડક્ટ હબ બનાવવા માટે નીતિ અને અન્ય સેવા પ્રદાતા **(OSP)** માર્ગદર્શિકા જેવા સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાંઓનો ઉલ્લેખ કર્યો હતો જેને કોરોના સમયગાળા દરમિયાન બહાર પાડવામાં આવ્યા હતા. તેમણે નોંધ્યું હતું કે, ૧૨ ચેમ્પિયન ક્ષેત્રોમાં ઈન્ફોર્મેશન સેવાઓને સમાવવાથી તેના પરિણામો મળવાની શરૂઆત થઈ ગઈ છે. તાજેતરમાં કરવામાં આવેલા નક્શાઓ અને જીઓ-સ્પેટિઅલ ડેટાના ઉદારીકરણથી ટેક સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે અને આત્મનિર્ભર ભારતનું મિશન વધુ વ્યાપક બનશે. પ્રધાનમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે, યુવા ઉદ્યોગ સાહસિકો તકોનો લાભ ઉઠાવી શકે તે માટે તેમને પૂરતી આઝાદી મળવી જોઈએ. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારને સ્ટાર્ટ-અપ્સ અને આવિષ્કારકર્તાઓમાં પૂરો ભરોસો છે. ડિજિટલ ઈન્ડિયાના માધ્યમથી સ્વ-પ્રમાણીકરણ, સુશાસનમાં ઉકેલોનો ઉપયોગ, ડેટાનું લોકતાંત્રિકરણ (સર્વ લોકો સુધીની પહોંચ) જેવા પગલાંઓ ભરવાથી આ પ્રક્રિયા વધુ આગળ વધારવામાં આવી છે. સુશાસનમાં પારદર્શકતાની કેન્દ્રિયતા અંગે ચર્ચા કરતા પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, સરકારમાં લોકોનો ભરોસો વધી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, નાગરિકો યોગ્ય રીતે દેખરેખ રાખી શકે તેવા ઉદ્દેશ સાથે સુશાસનની પ્રક્રિયાને ફાઈલોમાંથી ડેશબોર્ડ પર લાવવામાં આવી છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, **GeM** પોર્ટલ દ્વારા સરકારી ખરીદીની પ્રક્રિયામાં સુધારો અને પારદર્શકતા લાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ સુશાસનમાં ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ કરવાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે માળખાગત સુવિધાઓના ઉત્પાદનો, ગરીબોના આવાસો અને આવી અન્ય પરિયોજનાઓમાં જીઓ-ટેગિંગના ઉદાહરણોનો ઉલ્લેખ કર્યો હતો જેના કારણે તે પરિયોજનાઓ સમયસર પૂરી થઈ શકી છે. તેમણે ગામડાંના મકાનોના મેપિંગમાં ડ્રોનના ઉપયોગ વિશે અને ખાસ કરીને કરવેરા સંબંધિત બાબતોમાં માનવીય હસ્તક્ષેપ ઘટાડીને પારદર્શકતા વધારવા વિશે પણ વાત કરી હતી. પ્રધાનમંત્રીએ સ્ટાર્ટ-અપ સ્થાપકોને માત્ર મૂલ્યાંકનો અને બહાર નીકળવાની વ્યૂહનીતિ સુધી પોતાની જાતને સીમિત ના રાખવા માટે આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ''વિચાર કરો કે, તમે એવા ઉકેલો કેવી રીતે તૈયાર કરી શકો છો જે આ સદીના અંત સુધી ચાલી શકે. વિચાર કરો કે, તમે એવા વિશ્વસ્તરીય ઉત્પાદનો કેવી રીતે તૈયાર કરી શકો છો જે ઉત્કૃષ્ટતાની દ્રષ્ટિએ વૈશ્વિક આધારચિહ્ન નિર્ધારિત કરશે.'' પ્રધાનમંત્રીએ ટેક અગ્રણીઓને તેમના ઉકેલોમાં મેક ફોર ઈન્ડિયાની છાપ ઉભી કરવા માટે પણ જણાવ્યું હતું. તેમણે ગતિ જાળવી રાખવા માટે અને ભારતીય ટેકનોલોજીકલ નેતૃત્ત્વ માટે સ્પર્ધાત્મકતાના નવા માપદંડો સ્થાપિત કરવા માટે તેમને આહ્વાન કર્યું હતું. તેમણે ઉત્કૃષ્ટતા અને સંસ્થા નિર્માણની સંસ્કૃતિ પર વિશેષ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ, તેમને ૨૦૪૭માં સ્વતંત્ર ભારતના ૧૦૦ વર્ષની ઉજવણીની દોડમાં આગળ વધવા માટે વિશ્વસ્તરીય ઉત્પાદનો અને અગ્રણીઓ આપવા અંગે વિચાર કરવા માટે કહ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તમારું ધ્યેય નક્કી કરો, દેશ તમારી સાથે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સમક્ષ ૨૧મી સદીના પડકારો માટે ટેકનોલોજીકલ ઉકેલો પૂરાં પાડવાની જવાબદારી ટેક ઉદ્યોગની છે. તેમણે સૌને કૃષિમાં પાણી અને ખાતરની જરૂરિયાત, આરોગ્ય અને સુખાકારી, ટેલિ-મેડિસિન અને શિક્ષણ તેમજ કૌશલ્ય વિકાસ જેવા ઉકેલોમાં કામ કરવા માટે સૌને અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને અટલ ટિંકરિંગ લેબોરેટરી તેમજ અટલ ઈક્યુબેશન કેન્દ્ર જેવા પગલાંઓથી કૌશલ્ય અને આવિષ્કારને પ્રોત્સાહન મળી રહ્યું છે અને તેમાં ઉદ્યોગના સહાયની જરૂર છે. પ્રધાનમંત્રીએ સૌને તેમની **CSR** પ્રવૃત્તિઓના પરિણામો પર ધ્યાન આપવાનું પણ કહ્યું હતું અને પછાત વિસ્તારો તેમજ ડિજિટલ શિક્ષણની દિશામાં તેમની પ્રવૃત્તિઓને આગળ ધપાવવા માટે પણ આહ્વાન કર્યું હતું. તેમણે ટીઅર-૨ અને ટીઅર-૩ સ્તરના શહેરોમાં ઉદ્યોગ સાહસિકો તેમજ આવિષ્કારકર્તાઓ માટે ઉદિત થઈ રહેલી તકો તરફ પણ વિશેષ ધ્યાન આપ્યું હતું.

ગાંધીધામ ભચાઉ વચ્ચેના ધોરીમાર્ગ પર એસયુવી કારમાં આગ: કોઈ જાનહાની નહીં

ભુજ,

અત્યારે રાજ્યમાં અકસ્માત અને માર્ગ દુર્ઘટનાના કેસો વધી જવા પામ્યા છે. તેવામાં આજે બુધવારના રોજ ગાંધીધામ ભચાઉ વચ્ચેના ધોરીમાર્ગ પર એક જોંફ કારમાં આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગતાની સાથે જ ડ્રાઈવર સાવચેતી દાખવીને કારની નીચે ઉતરી ગયો હતો. આગ એટલી ઝડપથી ફેલાઈ કે લોકોને બૂઝવવાનો પણ મોકો મળ્યો ન હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈપણ જાનહાની થઈ નથી. આજે બુધવારે બપોરે ૨ વાગ્યાની આસપાસ ગાંધીધામ ભચાઉ વચ્ચે આવેલા ધોરીમાર્ગ પર પડાના ગામ નજીકના જવાહર બ્રિજ ઉપર એક કારમાં અચાનક આગ લાગી જવા પામી હતી.

આ કાર ગાંધીધામથી ભચાઉ તરફ જઈ રહી ત્યારે અગમ્ય કારણોસર તેમા અચાનક આગ ભભૂકી ઉઠી હતી. પરંતુ પ્રાથમિક માહિતી મુજબ આગ શોકસર્કિટ થવાના કારણે કારમાં ફેલાઈ હોવાની વાત સામે આવી હતી. જેની ડ્રાયવરને જાણ થતાં જ તે સમય સુચકતા વાપરીને કારની નીચે ઉતરી ગયો હતો. સદનસીબે ડ્રાઈવર હેમખેમ બહાર નીકળી જતા આ દુર્ઘટનામાં કોઈ પણ જાનહાનીની ઘટના બની નથી.

પરંતુ આ ઘટનાને પગલે જવાહર બ્રિજ પરના માર્ગેથી પસાર થતા અન્ય વાહનોને ભારે મુશ્કેલીનો સામનો પડી ગયો હતો જેના કારણે ત્યાં થોડી વાર માટે બધા વાહનો થંભી ગયા હતા. આગ લાગવાની ઘટનાના થોડા સમયમાં જ કાર સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ ગઈ હતી. જેના કારણે સ્થાનિકોને આગ પર કાબુ મેળવવાનો પણ મોકો મળ્યો ન હોતો. જે વાતની જાણ ત્યાંના સ્થાનિકે નજરે જોયાલા દેશ્યો પરથી કરી હતી.

દેશમાં પ્રકારની ત્રીજી હોટલ હશે

વડોદરામાં એરબસ ૩૨૦ એરક્રાફ્ટમાં ગુજરાતની સૌપ્રથમ રેસ્ટોરન્ટ શરૂ થશે

વડોદરા

ન્યૂઝીલેન્ડના શહેર ટાઉપો, ઘાનાની રાજધાનીનું શહેર આક્રા, ભારતના પંજાબના લુધિયાણા અને હરિયાણાના મોહરી સહિતના દુનિયાનાં ૮ એવાં શહેરો છે જેમની એક જ વિશેષતા છે. આ તમામ શહેરોમાં એરોક્રાફ્ટમાં રેસ્ટોરન્ટ ધમધમે છે. આ યાદીમાં નવમુ નામ વડોદરાનું ઉમેરાય તેવી શક્યતા છે. કારણ કે વડોદરામાં રિયલ એરબસ ૩૨૦માં એક રેસ્ટોરન્ટ શરૂ થવા જઈ રહ્યું છે. ગુજરાતની સૌથી પ્રથમ એરપ્લેન રેસ્ટોરન્ટ વડોદરામાં શરૂ થશે.

આગામી બેથી ત્રણ મહિનામાં આ પ્લેન રેસ્ટોરન્ટ ધમધમતું થઈ જશે. જો વિમાનમાં બેસવાની તક ન મળી હોય અને તેમાં બેસવાની ફીલનો અનુભવ કરવો હોય તો આ રેસ્ટોરન્ટમાં એ મજા માણી શકાશે. આ રેસ્ટોરન્ટ વડોદરાના દક્ષિણે આવેલા ધનિયાવી બાયપાસ પાસેની એક હોટેલના ઓનર દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ રેસ્ટોરન્ટમાં ૯૯ વ્યક્તિઓ એક સાથે જમી શકશે.

તંત્રી સ્થાનેથી.....

અમદાવાદ સહિત રાજ્યભરમાં શિયાળાની ઠંડીનું જોર ઘટી ગયુ છે. છેલ્લા બે-ત્રણ દિવસથી ઉનાળાની શરૂઆત થઈ રહી હોય તેમ ગરમી અનુભવાઈ રહી છે. બીજી તરફ હવામાનમા પલટો આવવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં શુકવારે અને શનિવારે કમોસમી માવઠું થશે. ગુરૂવારથી આ વિસ્તારના વાતાવરણમાં પલટો આવવા લાગશે. આ સિવાય રાજ્યના અન્ય ભાગોમાં વાદળ છાયુ વાતાવરણ રહેવાની પણ હવામાન નિષ્ણાંતો દ્વારા શક્યતાઓ સેવાઈ રહી છે. આજે બુધવારે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોનું લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી વધુ નોધાયુ હતુ અને મહત્તમ તાપમાનનો પારો પણ ૩૦ ડિગ્રીને પાર રહ્યો હતો. શહેરમાં બુધવારે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૧.૭ ડિગ્રી નોધાયુ હતુ. રાજ્યનું સૌથી ઠંડા શહેર નલિયામાં પણ લઘુત્તમ તાપમા ઉચકાઈને ૧૩.૪ ડિગ્રીએ પહોચી ગયું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પલટો આવશે અને વાદળછાયા વાતાવરણ સાથે સામાન્ય વરસાદની આગાહી કરી છે. ઉત્તર કોંકણ અને વિદર્ભમાં એક સાકલોનિક સર્ક્યુલેશન સર્જાશે. જેને કારણે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના તાપી અને ડાંગના વિસ્તારમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. ૧૮થી ૨૧માં અરબી સમુદ્ર તરફથી ભેજ વાળા વાદળો ગુજરાત ના કેટલાક ભાગોમાં આવવાથી માવઠું થવાની શકયતા છે. વધુ ભેજ વાળા વાદળો હશે તો ડાંગ, વલસાડ, તાપી, સાપુતારા તેમજ પંચમહાલ, દાહોદ, મહીસાગર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે. તેમજ અરવલ્લી, સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર વાતાવરણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૨૧થી ૨૩ ફેબ્રુઆરીમાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં હિમ વર્ષા અને કમોસમી વરસાદ થવાની શકયતા રહેતા સવારમાં ઠંડા પવન ફૂંકાશે.

પીએ ૫૦ લાખ ન આપ્યા તો પરિણીત પતિ રાતોરાત અમેરિકા ભાગી ગયો

અમદાવાદ,

ગ્રીનકાર્ડ મેળવવા માટે યુવકે અમેરિકન યુવતી સાથે લગ્ન કરી, ગ્રીનકાર્ડ મેળવી છૂટાછેડા લીધાનું કહીને અમદાવાદની યુવતી સાથે લગ્ન કર્યાં હતાં. ત્યારબાદ યુવતીને યુએસ લઈ જવા માટે રૂ.૫૦ લાખની માગ કરી હતી. યુવતી પૈસા ન આપી શકતાં યુવક તેને મૂકીને અમેરિકા જતો રહ્યો હતો. ત્યારબાદ સાસરિયાંએ પરિણીતાને માર મારી ઘરમાંથી કાઢી મૂકી હતી. વાસણાના સ્વામીનારાયણ પાર્ક-૨માં રહેતી ક્રિષ્ના પટેલ(ઉં.૩૨)એ લગ્નની વેબસાઈટ પર બાયોડેટા મૂકતાં, ઘાટલોડિયા વાલ્કેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતો પિનાંક જીતેન્દ્ર પટેલ પરિચયમાં આવ્યો હતો.

ત્યારે પિનાંક યુએસમાં હતો અને ગ્રીનકાર્ડ માટે રોબેટા ચેન્ટેલી નામની યુવતી સાથે લગ્ન કરી ગ્રીનકાર્ડ આવી જતાં રોબેટાથી છૂટાછેડા લીધાં હોવાનું કહીને પિનાંકે ક્રિષ્ના સાથે માર્ચ-૧૯માં લગ્ન કર્યાં હતા. ત્યારબાદ ક્રિષ્નાને અમેરિકા લઈ જવા માટે તેણે રૂ.૫૦ લાખ માંગ્યા હતા. જોકે ક્રિષ્ના પૈસા ન આપી શકતા પિનાંક એકલો યુએસ જતો રહ્યો હતો. ત્યારબાદ પિનાંકના પરિવારે દહેજ માટે ક્રિષ્નાને હેરાન કરી ઘરમાંથી કાઢી હતી.

ક્રિષ્નાએ પતિ, સાસુ-સસરા સહિતના સાસરી પક્ષના સભ્યો સામે ફરિયાદ કરી હતી. ક્રિષ્ના અને પિનાંક હનીમૂન માટે સિંગાપુર, મલેશિયા અને થાઈલેન્ડ ગયા હતા. જે માટે રૂ.૨ લાખનો ખર્ચો થયો હતો. જોકે તે પૈસા પણ ક્રિષ્નાના પિતાએ આપ્યા હતા. ત્યારે પિનાંકે એવું કહ્યું હતું કે, લગ્ન માટે હું ઉતાવળમાં અમેરિકાથી આવ્યો છું એટલે પૈસા પણ લાવવાનું ભૂલી ગયો છું.

પ્રેમીએ ચાલુ વીડિયો-કોલે પાછળથી આવીને યુવતીને છરીના ઘા ઝીક્યા

અમદાવાદ

શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી સ્વરૂપવાન યુવતીને પાડોશમાં રહેતા યુવક સાથે આંખ મળી ગઈ હતી, પણ ગરીબ પરિવારની આ યુવતીને ઘરની જવાબદારી માથે હતી, જેથી પ્રેમ લગ્નમાં પરિણમી શકે એમ ન હતું, જેથી યુવતીએ પરિવારના કહેવા મુજબ રાજસ્થાનના યુવક સાથે સગાઈ કરી લીધી હતી. આ વાત પ્રેમીને ખબર પડી અને તે પ્રેમિકાને પોતાની નહિ તો કોઈની નહિ કહીને મારવા માટે તૈયાર થઈ ગયો. જ્યારે યુવતી તેના સગાઈ નક્કી થયેલા યુવક સાથે વીડિયો-કોલ પર વાત કરી રહી હતી ત્યારે જ પ્રેમી તેની પાસે આવ્યો અને મોઢું દબાવીને ૩ છરીના ઘા મારી દીધા હતા.

મૂળ રાજસ્થાનની ૨૬ વર્ષીય યુવતી તેનાં માતા-પિતા અને બે બહેનો સાથે પૂર્વ વિસ્તારમાં રહે છે અને છૂટક સિલાઈ કામ કરે છે. આજથી સાતેક વર્ષ પહેલાં તેના ફ્લેટના અન્ય બ્લોકમાં રહેતા જિમ્મી નામના યુવક સાથે તેને મિત્રતા થઈ હતી. આ મિત્રતા પ્રેમમાં પરિણમી હતી, પણ ઘરમાં આ યુવતી મોટી હોવાથી તેની જવાબદારી વધુ હોવાથી લગ્ન કરી શકાય એમ ન હોવાનું જિમ્મીને જણાવ્યું હતું. બાદમાં માતા-પિતાના કહેવાથી રાજસ્થાનના યુવક સાથે આ યુવતીએ વર્ષ ૨૦૨૦માં સગાઈ કરી લીધી હતી. યુવતીએ જિમ્મીને પણ સગાઈની જાણ કરી પ્રેમ સંબંધનો અંત લાવવા જણાવ્યું હતું, પણ તે પ્રેમમાં પાગલ થઈ ગયો હતો અને યુવતીની વાત માનતો ન હતો. યુવતીએ પણ આ વાત તેના ઘરે કરી ન હતી.

થોડા માસ અગાઉ યુવતીએ તેના પરિવારને જિમ્મી હેરાન કરતો હોવાનું જણાવ્યું હતું. ત્યારે જ જિમ્મીએ યુવતીના મંગેતરને સગાઈ તોડી નાખવા ધમકી આપી હતી. જિમ્મી અવારનવાર યુવતીને "તું મારી નહિ તો કોઈની નહિ, મારી સાથે લગ્ન કરી લે, નહિ તો તને અને તારા મંગેતરને જીવતાં નહિ છોડું", જણાવી ધમકી આપતો હતો.

સુરતમાં બાળકીએ ટેડીબેરનું ગળું દબાવીને કહ્યું, ઉસને ઈસી તરહ ગલા દબાયા

સુરત,

લાલગેટ વિસ્તારમાં મધરાત્રે ૭ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેના પર અમાનુષી અત્યાચાર ગુજારાયો હતો. તેના શરીરે ઘણાં બચકાં ભરવામાં આવ્યા હતા. પોલીસને શંકા છે કે, બાળકી પર બળાત્કાર ગુજારાયો હોઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લાલગેટ વિસ્તારમાં ફુટપાથ પર ઝુપડામાં શ્રમજીવી પરિવાર રહે છે. તેમાં ૭ વર્ષની બાળકી રીતુ(નામ બદલ્યું છે) માતા સાથે સોમવારની રાત્રે સુતેલી હતી.ત્યારે એક અજાણ્યો આરોપી રાત્રે અઢી વાગે બાળકીનું મોઢું દબાવી અપહરણ કરીને નાસી ગયો હતો.થોડા સમયમાં રીતુ રડતા-રડતા ઘરે આવી હતી. તેણે માતાને તમામ હકિકત જણાવી હતી. જેથી સવારે પોલીસને જાણ કરી હતી. પોલીસે આ વિસ્તારમાં સીસી કેમેરા ચેક કરતા આરોપી જમ્મુ પઠાણની ઓળખ થઈ હતી. જમ્મુ પઠાણે ૧૦ રૂપિયા આપીને રીતુ પર અત્યાચાર ગુજાર્યો હતો. બાળકીના શરીરે બચકાંના નિશાન છે. ૭ વર્ષની બાળકી ખરેખર કંઈ કહી શકતી નથી કે તેની સાથે શું થયું છે. તેથી હાલ પોલીસે અપહરણ, પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને જમ્મુને ડિટેઈન કર્યો છે.

મહિલા પોલીસ અધિકારી અને પ્રથમ ચાઈલ્ડ હેલ્પ લાઈનના કાઉન્સિલરોએ રીતુનું કાઉન્સેલિંગ કર્યું ત્યારે તેના શરીરે બચકાંના નિશાન મળ્યા હતા. તેમજ રીતુને રમવા માટે ટેડીબેર આપતા તેણીએ ટેડીબેરનું ગળું દબાવી કહ્યું કે, ઉસને ભી મેરા ઈસી તરહ ગલા દબાયા થા. જમ્મુ હત્યાની કોશિષનો આરોપી છે. અશરફ નાગોરી પર ફાયરિંગ કરીને હત્યાની કોશિષ કરવાના ગુનામાં જમ્મુ પઠાણની પણ મદદગારીમાં ધરપકડ કરાઈ હતી.

રામ મંદિર માટે આ ગુજરાતી ઉદ્યોગપતિએ કર્યું ૫ કરોડનું દાન

વાપી,

રામ મંદિર નિર્માણ નિધિમાં દેશભરમાં ખોબલે ભરીને દાન આવી રહ્યું છે. રામ મંદિર માટે લોકો દાનની સરવાણી વહાવી રહ્યાં છે. આવામાં ગુજરાતીઓ પણ મોખરે છે. વાપી જીઆઈડીસીના અગ્રણી અને પાયાના ઉદ્યોગપતિ એવા રક્કુ શ્રોફે રામ મંદિર માટે ૫ કરોડનું દાન કર્યું છે.

વાપીની યુપીએલ લિમિટેડનાં ચેરમેન રક્કુ શ્રોફે રામ મંદિર સર્મપણ નિધિ કાર્યક્રમમાં ૫ કરોડનું દાન કરાયું છે.

દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત ઉદ્યોગપતિ રક્કુ શ્રોફને પદ્મભૂષણના સર્વોચ્ચ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. રક્કુ ભાઈ શ્રોફ તેમજ તેઓના પરિવારજનોએ રામ મંદિર સમર્પણ નિધિ કાર્યક્રમમાં રૂપિયા ૫,૦૦,૦૦,૦૦૦ રકનું સમર્પણ કર્યું હતું. રક્કુ શ્રોફ વલસાડ જિલ્લા રામ મંદિર સમર્પણ નિધિનાના ચેરમેન પણ છે.

રક્કુ શ્રોફની કંપની યુપીએલ લિમિટેડ એશિયાની ટોચની પેસ્ટીસાઈડ્સ બનાવતી

કંપનીઓમાંની એક છે. વાપીમાં ઉદ્યોગોનો પાયો નાંખવામાં રક્કુ શ્રોફનો મોટો ફાળો છે. ઉદ્યોગ ઉપરાંત તેઓ સામાજિક ક્ષેત્રે પણ સંકળાયેલા છે. વાપી એસ્ટેટમાં શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે તેમનું મોટું યોગદાન છે. તેમનો વાપીમાં જીઆઈડીસીની રોફેલ કોલેજ, જ્ઞાનધામ સ્કુલ, રોટરી કલબનો પાયો પણ તેમના હસ્તે નંખાયો છે.

દાહોદમાં દારૂ ભરેલી કારનો અકસ્માત, આગ લાગતાં બે વ્યક્તિ ભડથું

દાહોદ,

દાહોદના ઝાલોદથી રૂંવાડાં ઉભી કરી દેતી એક ઘટના સામે આવી છે. દાહોદના ઝાલોદ બાયપાસ હાઈવે પર પીક અપ વાન અને કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગમાં કારમાં સવાર બે લોકો કારની અંદર જ ભડથું થઈ ગયા હતા. કારમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

ઝાલોદથી રાજસ્થાનના બાંસવાડા જતો હાઈ વે રોડ પર સુરત પાસિંગની આઈટેન કારમાં વિદેશી દારૂની બોટલો ભરેલી હતી. ફૂલ સ્પીડમાં જતી કાર એક પીકઅપ વાન સાથે ધડાકાભેર અથડાઈ હતી. જે બાદ દારૂ ભરેલી કારમાં એકાએક આગ ફાટી નીકળી હતી. આ આગ એટલી ભીષણ હતી કે, કારની આગળ બેસેલાં બંને વ્યક્તિઓ ભડથું થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલ પોલીસે મૃતકોની ઓળખાણ માટે તપાસ શરૂ કરી છે. અને બાદમાં ચૂંટણીના સમયમાં આ દારૂ કોના માટે લવાતો હતો અને કોને આપવાનો હતો તે તમામ પાસાઓ ઉપર પોલીસ તપાસ શરૂ કરી રહી છે.

નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી: ઉમરેઠ ન.પા.માં ઈવીએમ મશીનનું નિદર્શન કરાયું

આણંદ,

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ માટેની ઉમેદવાર ફોર્મ ચકાસણી અને નિશાન ફાળવણી ની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ઉમરેઠ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીએ યોજાનાર છે. ઉમરેઠના કુલ ૭ વોર્ડમાં, વોર્ડ દીઠ ૪ મુજબ ૨૮ કાઉન્સિલરો માટેની ચૂંટણી યોજાવાની છે. નગરપાલિકાની ચૂંટણીમાં એક વોર્ડમાંથી ૪ ઉમેદવારને ચૂંટવાના થાય છે. જેથી ઈવીએમ પણ મલ્ટિઓઈસ પ્રકારના હોય છે. જે બાબતે મતદાતાઓને યોગ્ય સમજ આપવાના હેતુએ ઉમેરઠ નગરપાલિકા વિસ્તારમાં ઈવીએમ મશીનનું નિદર્શન યોજાયું હતું. આ બાબતે વધુ વિગતો આપતા ચૂંટણી અધિકારી ઉમરેઠ નગરપાલિકા અને જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે, ઉમરેઠ નગરપાલિકાના મતદારોની નગરપાલિકાના મલ્ટિઓઈસ પ્રકારના ઈવીએમમાં મતદાન કરવા અંગેની સમજ મળી રહે તે આશયથી તમામ વોર્ડમાં ઈવીએમ નિદર્શનની કામગીરી હાથ ધરવામાં આવેલી છે.

જે અંતર્ગત તમામ વોર્ડના જાહેર સ્થળો ઉપર મતદારોની મલ્ટિઓઈસ ઈવીએમમાં કેવી રીતે મતદાન કરવું તે અંગેની સમજ આપવામાં આવે છે. નગરપાલિકાના ઈવીએમ પૈકીના બેલેટ યુનિટમાં મતદારે પોતાની પસંદગી મુજબના ચાર ઉમેદવારોને તેમના ક્રમ સામેનું બટન દબાવી બાદમાં રજીસ્ટરનું બટન દબાવી મત આપવાનો થાય છે. જેની માસ્ટર ટ્રેનરની ટીમ દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી રહી છે. કોરોનાના આ સમયગાળામાં ઈવીએમ નિદર્શન સમયે સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તેની કાળજી લેવામાં આવે છે.તેમજ મતદારો માસ્ક પહેરીને જ નિદર્શનમાં ભાગ લે તે પણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

મહત્વનું છે કે, ઉમરેઠ નગરપાલિકાના કુલ સાત વોર્ડમાં ૨૮ મતદાન મથકો છે તથા ૧૪૬૧૧ પુરુષ ૧૪૦૦૨ સ્ત્રી ૧ અન્ય કુલ ૨૮૬૧૪ મતદારો આગામી ૨૮ મી ફેબ્રુઆરીના રોજ મતદાનમાં ભાગ લેનાર છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી આર.જી.ગોહિલના માર્ગદર્શન મુજબ ચૂંટણી અધિકારી ઉમરેઠ નગરપાલિકા અને જિલ્લા પુરવઠા અધિકારી ગોપાલ બામણીયા,મદદનીશ ચૂંટણી અધિકારી અને કલેકટર કચેરી,આણંદ એન.એસ.સુવેરા,ચીફ ઓફિસર ઉમરેઠ ભારતીબેન સોમાણી અને તેઓની સમગ્ર ટીમ દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જાપાનીઝ પદ્ધતિથી સાબરમતીના કાંઠે મિનિ જંગલનું નિર્માણ કરાશે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં વૃક્ષોથી આચ્છાદિત વિસ્તાર ખુબ ઓછો છે. ગણ્યા ગાંઠ્યા બગીચામાં લોકો શુદ્ધ હવા મેળવી શકે તેવી જગ્યા માંડ માંડ બચી છે.

પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વ વિસ્તારમાં રિવરફ્રન્ટના કાંઠે આખું ઓક્સિજનનું જંગલ ઉભું કરી રહ્યું છે. ૯૦૦૦ સ્ક્વેર મીટર જગ્યામાં ૩૨૯૦૦ વૃક્ષો જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી વાવવામાં આવશે. આ વૃક્ષો આશરે ૫૦ હજાર પક્ષીઓનું આશ્રયસ્થાન બની રહેશે.

છસ્ઝ દ્વારા દૂધેશ્વર કાળભૈરવના મંદિરથી સ્મશાનની મેલડી માતાના મંદિર સુધીના રિવરફ્રન્ટના પટ્ટામાં જાપાનીઝ પદ્ધતિથી જંગલ ઉભું કરવાની કામગીરી ચાલી રહી છે. એએમસી દ્વારા રિવરફ્રન્ટના નવ હજાર સ્ક્વેર મીટર જમીનમાં ૩૨,૯૦૦ વૃક્ષો વાવવાનું આયોજન છે. વાસણા પાસે આવું એક મીની જંગલ એએમસીએ બનાવી નાખ્યું છે. જ્યાં વૃક્ષો ઝડપથી વધી રહ્યા છે. પૂર્વ વિસ્તારમાં ફેક્ટરીઓની સંખ્યા વધુ હોવાના કારણે ઝેરી કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેની સામે બેલેન્સ કરવા માટે આ જંગલ ઉભું કરવામાં આવ્યું છે. અહીં એવા વૃક્ષો ઉછેરવામાં આવશે કે જે વાતાવરણમાં માત્ર ઓક્સિજન જ મુક્ત કરતાં હોય. ભારતીય મૂળના વૃક્ષો જ વાવવામાં આવી રહ્યા છે. પક્ષીઓ તેમનો માળો કરી શકે તેવા વૃક્ષો જ વાવવામાં જ આવી રહ્યા છે.

જાપામીઝ મિયાવાકી પદ્ધતિ ઝડપથી જંગલ ઉછેરવાની વૈશ્વિકકક્ષાએ માન્ય કક્ષાએ માન્ય પદ્ધતિ છે. ગરમ વિષુવવૃત્તીય પ્રદેશો માટે આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. આ પદ્ધતિથી વૃક્ષો ૨ ફૂટથ માંડીને ૧૮ ફૂટ સુધીની હાઈટ બે વર્ષની અંદર પકડી લે છે. મિયાવાકી પદ્ધતિમાં કોકોપીટ, માટી, દેશી છાણિયું ખાતર, ચોખાની ફોતરીનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં જીવામૃત એટલે કે ગૌમૂત્ર, આંકડાનું દૂધ વગેરે નાખવામાં આવે છે. તેનાથી વૃક્ષોનો ઉછેર ઝડપી બને છે.

રાજકોટમાં ચૂંટણી પહેલા જ ફોર્ચ્યુનર કારમાંથી ૨૪૦ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

રાજકોટ

રાજકોટમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પહેલા જ લક્ઝુરિયસ કારમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. મોરબી રોડ નજીક માર્કેટિંગ યાર્ડની આસપાસ જીંય પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બાતમીના આધારે ત્યાંથી પસાર થતી ફોર્ચ્યુનર કારને આંતરી હતી. કારની અંદર તપાસ કરતા વિદેશી દારૂની ૨૪૦ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે કારના ડ્રાઈવરની ધરપકડ કરી હતી. પોલીસે જીજે-૧૧એસ-૯૧૬૧ નંબરની ફોર્ચ્યુનર કારમાંથી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે.

કારની અંદરથી મેકડોવેલ્સ કંપનીની ૭૫૦ એમએલની ૧, સુપીરીયર વ્હિસ્કી ઓરીજીનલ ફોર સેલ હરિયાણા ઓન્લી અંગ્રેજીમાં લખેલી ૨૪૦ બોટલ મળી આવી હતી. આ દારૂના જથ્થાની કિમત ૯૬ હજાર થાય છે. પોલીસે દારૂનો જથ્થો અને ફોર્ચ્યુનર કાર સહિત ૫,૯૬,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ગોંડલ રોડ, નુરાનીપરામાં વિદેશી દારૂ ભરેલું વાહન ઊભું હોવાની કાઈમ બ્રાંચને માહિતી મળી હતી. જેના આધારે પીએસઆઈ એચ.બી.ધાંધલ્યા સહિતના કાફલાએ મંગળવારે વહેલી સવારે દરોડો પાડ્યો હતો.

સવારના સમયે ધુમ્મસ હોવાને કારણે પોલીસ કાફલાને જોઈ ચાલક તકનો લાભ લઈ નાસી ગયો હતો. બાદમાં પોલીસે જૂનાગઢ પાસિંગની બોલેરોમાં તપાસ કરતા પાછળના ભાગે મગફળીના ભૂસા ભરેલા બાચકા જોવા મળ્યા હતા. વિદેશી દારૂની માહિતી ચોક્કસ હોય ભૂસાના બાચકા ખસેડતા નીચેથી વિદેશી દારૂની બોટલો ભરેલા બોક્સ મળી આવ્યા હતા. બોક્સમાં તપાસ કરતા વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ ૬૭૩ બોટલ મળી આવી હતી.

ગુજરાતની પ્રથમ ટ્રાન્સવુમન ડોક્ટર, બાળક માટે ફ્રીઝ કરાવ્યું સીમેન, હવે બનશે માતા

આણંદ

સામાન્ય રીતે પિતા બનવા માટે અમુક સંજોગોમાં લોકો પોતાના સ્પર્મ ફ્રીઝ કરાવે છે. જેથી સમય આવે ત્યારે તેઓ પિતા બની શકે. જો કે અહીં એક એવા યુવા તબીબ ડૉ જેસનૂર દાયરાએ પોતાના સીમેન એટલા માટે ફ્રીઝ કરાવ્યા, જેથી તે ખુદ માતા બની શકે. વ્યવસાયે ડૉક્ટર એવા ૨૪ વર્ષીય યુવક ઑપરેશન કરાવીને પુરુષથી મહિલા બનવા જઈ રહ્યો છે. માતા બનવા માટે સરોગેટની જરૂરત પડશે. દેશમાં કદાચ આવો પ્રથમ કેસ હશે. જણાવી દઈએ કે, મૂળ ગોધરાના રહેવાસી જેસનૂર જન્મ બાદ જેમ-જેમ મોટો થતો ગયો, તેમ-તેમ તેની આદતો બદલાવા લાગી. જ્યારે આ કિશોર ૮માં ધોરણમાં પહોંચ્યો, ત્યારે તે છોકરીઓના કપડા પહેરવા લાગ્યો હતો. આ સિવાય છોકરીઓની જેમ શણગાર કરવા લાગ્યો હતો. તેના પરિવારજનો ઈચ્છતા હતા કે, તે છોકરા તરીકે જ જીવે. ધીમે-ધીમે સમય પસાર થતો ગયો અને આ છોકરો એમબીબીએસ કરવા માટે રશિયા જતો રહ્યો. જ્યાં અભ્યાસ પૂર્ણ કરીને પરત ફર્યો, ત્યારે તેના હાવભાવ યુવતીઓ જેવા થઈ ગયા હતા. હવે જેસનૂર મહિલા બનીને માતા બનવાનું સુખ ભોગવવા માંગે છે. આ માટે આગામી દિવસોમાં તે ઓપરેશન કરાવીને પુરુષમાંથી મહિલા બની જશે. દેશના જાણીતા આઈવીએફ નિષ્ણાંત ડૉક્ટર નયનાબેન પટેલે જણાવ્યું કે, થોડા દિવસો પહેલા આ યુવક મારી હોસ્પિટલમાં આવ્યો હતો.

તેની ઈચ્છા મુજબ યુવકનું સ્પર્મ લેવામાં આવ્યુ અને તેને સુરક્ષિત ફ્રીઝ કરી લેવામાં આવ્યું છે. આ યુવક બાળકના માતા અને પિતા બન્ને બનવા માંગે છે. જે અંતર્ગત આ સ્પર્મને ડોનર એગ સાથે મિલાવીને સરોગેટ માતાના ગર્ભમાં મૂકવામાં આવશે અને બાળકને જન્મ આપવામાં આવશે. બાળકના જન્મ બાદ જેસનૂર તેને દત્તક લેશે અને એક બાળકને માતાની જેમ ઉછેરશે. યુવકની ઈચ્છા છે કે, જેમ બને તેમ જલ્દી ટેસ્ટ ટ્યૂબ નીકાળવાનો ઑપરેશન કરવામાં આવે. જેથી પુરુષ હોર્મોન ના બને. તેના અંગોને નીકાળીને પ્લાસ્ટિક સર્જરી થકી યોનિનો આકાર આપવામાં આવશે. આ રીતે એક તબીબ માતા અને પિતા બન્ને બની શકશે.

સુરત પોલીસે જામીન માટે લઈ જતાં રસ્તામાં ૩.૨૦૦માં છોડી મોકતો વિડીયો વાયરલ

સુરત

સુરતમાં ડિટેઈન કરાયેલાં આરોપીઓને પોલીસ મથકમાંથી જ કોર્ટમાં લઈ જવાનું કહી પોલીસ વાનમાં બેસાડ્યા બાદ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ દ્વારા ૨૦૦ રૂપિયા લઈ મુક્ત કરતો વીડિયો સામે આવ્યો હતો. અમરોલી પોલીસ મથકની બહાર જ મોબાઈલમાં શૂટ થયેલો આ વીડિયો ભોગ બનનાર વ્યક્તિએ જ ઉતાર્યો હતો. અમરોલી પોલીસ મથકની બહાર જ ઉતારવામાં આવેલાં આ વીડિયોમાં અમરોલી પોલીસ મથકની સ્ટુડન્ટ મોબાઈલ વાન દેખાઈ રહી છે. જેમાં એક હેડ કોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલ બેસેલાં દેખાઈ છે. અમરોલી પોલીસે ડિટેઈન કરેલાં આરોપીઓને મામલતદાર કચેરીએ જામીન માટે લઈ જવાનું કહી પોલીસ મોબાઈલ વાનમાં બેસાડવામાં આવેલાં આઠથી દસ આક્ષેપિતોને ૨૦૦ રૂપિયાનો દંડ ભરીને ત્યાંથી ફરીને જતાં રહેવાનું કહેવામાં આવે છે. વાનમાં બંધ અલ્તાફ હુસેન, રઈશ કમલ, ઈરફાન, હલીમ સહિતના આક્ષેપિતો પાસેથી ૨૦૦ રૂપિયા લઈ રજિસ્ટરમાં સહી કરાવી મોબાઈલ વાનમાંથી ઉતારી દેવામાં આવતા દેખાઈ રહ્યા છે.

અટકાયતી પગલાં હેઠળ ડિટેઈન કરાયેલી વ્યક્તિઓને મામલતદાર કચેરીમાં રજૂ કરી તેમને મામલતદારે જામીન આપવાના હોય છે. કેટલાક કેસમાં પોલીસને પણ પૂરતા પુરાવા ચકાસ્યા બાદ જામીન આપવાની સત્તા છે. જો કે તેમાં દંડની જોગવાઈ નથી. આ સંજોગોમાં પોલીસ દ્વારા દંડના નામે રસીદ લીધા વિના ઉઘરાવતા ૨૦૦ રૂપિયાને લઈને વિવાદ જાગ્યો છે. અધિકારીઓના ધ્યાને આખું પ્રકરણ આવતાં તેમણે વાતને ગંભીરતાથી લઈ તપાસના આદેશ કર્યા છે.

વલસાડના જલારામ રેસ્ટોરન્ટના સમોસામાંથી વંદો નીકળતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કરી કાર્યવાહી

વલસાડ

રાજયમાં અવારનવાર હોટલ, રેસ્ટોરન્ટાં કે અન્ય કોઈ જગ્યાએ ખાવા પીવાની વસ્તુઓમાં મરેલા વંદા, ઉંદરો નીકળવાના કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે, ત્યારે ફરી એકવાર આવો જ કિસ્સો સામે આવ્યો છે. વલસાડ શહેરના શાકભાજી માર્કેટમાં આવેલી જલારામ રેસ્ટોરન્ટમાં પાર્સલ લેવા આવેલ વ્યક્તિના સમોસામાંથી મરેલી હાલતમાં કોકોચ (વંદો) નીકળતા ગ્રાહકની ફરિયાદના આધારે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આજે છાપો મારી તપાસ હાથ ધરી હતી. આ વિશે મળતી માહિતી પ્રમાણે વલસાડના પરસીવાડમાં રહેતા ક્યોમોઝ બિલ્લીમોરિયા નામક ગતરોજ વલસાડ શાકભાજી માર્કેટમાં આવેલી જલારામ ખમણ હાઉસમાં નાસ્તો લેવા આવેલ હતા. નાસ્તાના પાર્સલમાં તેમને સમોસા અને કચોરી લઈ ઘરે જતા રહ્યા હતા.

ત્યાં પાર્સલ ખોલતા જ સમોસામાંથી કોકોચ નીકળતા તેઓ પાર્સલ લઈ પરત દુકાને આવી દુકાનદારને જાણ કરી હતી. જોકે દુકાનદારે ઘટના દુકાનમાં બની હોવાની જણાવી ગ્રાહક જોડે થોડી માથાકૂટ કરતા ગ્રાહકે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ફરિયાદ કરી હતી. ગ્રાહકની ફરિયાદના આધારે આજરોજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ અને તેમની ટીમ સાથે જલારામ ખમણ હાઉસમાં છાપો મારી ગ્રાહકનું નિવેદન લઈ પાર્સલના સેમ્પલો લીધા હતા અને આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

જેમાં દુકાનમાં માણસો વગર ગ્લોસે અને નાસ્તો ખુલ્લો જોવા મળ્યો હતો. તેમજ સેમ્પલો લીધા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.. આ ઘટનામાં દુકાનદાર પર થયેલ આક્ષેપ દુકાનદારે નકારી કાઢ્યા હતા અને દુકાનમાં જો ઘટના બની હોય તો જવાબદારી સ્વીકાર કરે, પરંતુ ઘટના ગ્રાહકના ઘરે બની છે અને તમામ જવાબો લઈ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વધુ તપાસ હાથ ધરી છે. હાલ તો ફૂડ વિભાગને પણ દુકાનની હાલત જોતા શંકા સેવાઈ છે પરંતુ જોવાનું એ રહ્યું કે હવે કાર્યવાહી શું થશે.

બિહારમાં ગુંડારાજ: ૨૦ રૂપિયાની ગુટખા ઉધાર ન આપતા વેપારીની ગોળી મારી હત્યા

પટના

બિહારના સુપૌલ જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૨૦ રૂપિયાની ગુટખા એક શખસના મોતનું કારણ બની છે. એક કિરાણાં સ્ટોરના વેપારીની હત્યા એ માટે કરવામાં આવી કારણ કે તેણે ૨૦ રૂપિયાની ગુટખા ઉધાર આપવાનો ઈનકાર કરી દીધો હતો.

ઘટના બિહારના સુપૌલ જિલ્લાના ત્રિવેણીગંજની છે. જ્યાં મંગળવારની સવારે જ્યારે આરોપી અજીત કુમાર કિરાણાની દુકાન પર પહોંચીને મિથિલેશ કુમાર નામના યુવકની ગોળી મારીને હત્યા કરી દીધી.

બનાવની વિગતો એવી છે કે, ૧ દિવસ પહેલા અપરાધી અજીત કુમારનો મૃતક મિથિલેશ કુમારના પિતા સાથે વિવાદ થયો હતો. તે દિવસે અજીત કુમાર મૃતકના પિતાની દુકાન પર પહોંચ્યો અને ૨૦ રૂપિયાની ગુટખા ઉધારમાં આપવા માટે કહ્યું. જ્યારે મૃતકના પિતાએ ઉધારમાં ગુટખા આપવાનો ઈનકાર કર્યો તો બન્ને વચ્ચે વિવાદ થયો.

આ વિવાદને લઈને મંગળવારે સવારે અજીત કુમાર પોતાના બે અન્ય સાથીઓની સાથે તે દુકાન પર ફરી પહોંચ્યો પરંતુ ત્યાં એ સમયે મૃતકના પિતા હાજર નહોતા પરંતુ તેનો નાનો દિકરો મિથિલેશ બેઠો હતો. આ દરમિયાન અજીત કુમારનો મિથિલેશ કુમાર સાથે ફરી વિવાદ થયો જે બાદ અજીત કુમારે મિથિલેશ કુમારની ત્યાં જ ગોળી મારીને હત્યા કરી દીધી.

મૃતકના મોટાભાઈનું કહેવું છે કે, જે સમયે તેના નાનો ભાઈને ગોળી મારવામાં આવી ત્યારે તે નજીકમાં જ હાજર હતો પરંતુ તે દુકાન સુધી પહોંચે તે પહેલા આરોપીઓ ફરાર થઈ ચુક્યા હતા.

સુરત શહેરમાં કોરોના કહેર વધતા મનપા કમિશનરે આપ્યા કડક કાર્યવાહીના આદેશ

સુરત

ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં ધીમે ધીમે ઘટાડો આવી રહ્યો છે અને સરકારે પણ રાત્રિ કર્ફ્યૂમાં રાહત આપી દીધી છે. બીજી તરફ રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી થઈ રહી છે ત્યારે સુરત શહેરમાં ફરીવાર કોરોના વાયરસે ચિંતા વધારી છે. સુરતમાં કોરોના વાયરસના કેસ ફરી વધી રહ્યા છે ત્યારે કોરોનાના કેસ વધતા સુરત મનપા કમિશનરે મહત્વનો નિર્ણય લીધો છે. સુરતમાં માસ્ક માટે ફરી કડક કાર્યવાહીના આદેશ અપાયા છે.

સુરતમાં ચૂંટણીને લઈને ઘણા બધા કાર્યક્રમ થઈ રહ્યા છે. રાજકીય પક્ષો રેલી કરી રહ્યા છે અને મતદાન પણ થવાનું છે ત્યારે કમિશનર દ્વારા મતદાનના દિવસે પણ કોરોનાના નિયમોનું પાલન કરવાનું કહેવાયું છે. સાથે જ સુરતમાં ટેસ્ટિંગ સઘન કરવા પણ સૂચના અપાઈ છે. સુરત મનપા કમિશનરે કોરોના કાબૂમાં કરવા માટે ફરી કડક કાર્યવાહીની સૂચના આપી છે.

નોંધનીય છે કે ભારતમાં છેલ્લા ઘણા દિવસથી ધીમે કોરોના વાયરસ રાહત મળી રહી હતી પરંતુ મહારાષ્ટ્ર અને કેરળમાં કોરોના વાયરસના વધતાં કેસોએ ચિંતા વધારી દીધી છે. મહારાષ્ટ્રમાં તો લોકડાઉન લાગાવી દેવામાં આવશે તેવી અટકળોના કારણે જનતામાં ભયનો માહોલ છે ત્યારે સુરતમાં કમિશનરે કોરોના વધરે ન વકરે તે માટે મહત્વના આદેશ આપી દીધા છે.

પાટણમાં વ્યાજે લીધેલી રકમ દીકરો ન ચુકવતા કરજદારે પિતાને માર માર્યો

પાટણ

પાટણ શહેરમાં રહેતા ઠક્કર પરિવારના આધેડના મોટા દીકરાએ દરજી પાસે ૨ લાખ રૂપિયાની મુડી ૫ ટકા વ્યાજે લીધી હતી. જેને તે ચુકવી ન શકતા બન્ને દરજીભાઈઓએ સોમવારે સાંજના સમયે આધેડને ગડદાપાટુનો માર માર્યો હતો. 'રૂપિયા ચુકવી દે નહિત તારા દીકરાને જાનથી મારી નાંખીશું' તેવી ધમકી આપી હોવાની પાટણ એ ડિવિઝન પોલીસ મથકે આધેડે ફરિયાદ નોંધાવી હતી. પાટણ શહેરના જયવીર નગર સોસાયટીમાં રહેતા હરેશ ઠક્કર અને તેમનો મોટા દિકરો રવીકુમાર રેડિમેડ કપડાનો ધંધો ચલાવે છે.

જેમા તેમણે ૨ વર્ષ અગાઉ તેમની સોસાયટીમાં રહેતા દરજી અશોક પાસેથી ૨ લાખ રૂપિયા ૫ ટકા વ્યાજે લીધા હતા. તે પરિવાર વાળા પ્રતિમાસ ૧૦ હજાર રૂપિયાનું વ્યાજ સમયસર ચુકવતા હતા. તેમણે અત્યાર સુધી રૂ.૧ લાખની મુડી તેમજ માસિક રૂ.૧૦ હજાર વ્યાજ ચુકવેલું હતુ, તેમ છતા તેઓ અવાર નવાર તેમને કોલ કરીને તેમજ રૂબરૂ આવીને વ્યાજની માંગણી કરી હતી. તેની સાથે અશોક દરજી તેમના ઘરે આવીને બળજબરી પૂર્વક હરેશ ઠક્કર જોડે તેમના યુકો બેંકના બ્લેક ચેકમાં સહિ કરાવીને લઈ ગયા હતા. અશોક તેમને અવાર નવાર ધાકધમકી આપતા રહેતા હતા. અશોક અને તેમના ભાઈ મુકેશ બન્ને મળીને હરેશ દરજીને હેરાન કરતા અને કહેતા કે, તારા દિકરાએ લીધેલા રૂપિયા આપી દે તેમ કહીને બન્નેએ ગડદાપાટુનો માર મારી તેમને ઈજાઓ પહોંચાડી હતી. હરેશે આ હનાવ અંગે પાટણ છ ડિવિઝન પોલીસ મથકે અશોક દરજી અને મુકેશ વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી.

માલણપુરની ખેડૂતપુત્રી ૨૩ વર્ષની ઉંમરે પોલીસ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં રાજ્યમાં અવ્વલ

પાટડી

'મહેનત ઈતની ખામોશી સે કરો કી, સફલતા શોર મચા દે' તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવેલ પોલીસ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં પાટડીના માલણપુરની ખેડૂત પુત્રીએ સરકારી નોકરી કરવાની સાથે ૨૩ વર્ષની ઉંમરે પોલિસ ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં રાજ્યમાં અવ્વલ આવી ઈતિહાસ રચ્યો હતો. પાટડી તાલુકાના માલણપુરના ખેડૂત પુત્રી દેવ્યાનીબા બારડ સમગ્ર રાજ્યમાં મહિલાઓમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ ઈતિહાસ રચ્યો છે.

ખેડૂત પુત્રી દેવ્યાનીબા બારડ આ પૂર્વે પણ ધોરણ ૧૦માં સમગ્ર તાલુકામાં પ્રથમ નંબરે રહ્યા હતા ત્યારબાદ તેઓએ ધોરણ- ૧૨ માં ૮૮ % બાદમાં બીકોમ સાથે અમદાવાદથી સ્નાતકની પદવી મેળવી હતી.આ દરમિયાન બી.કોમ.ના અભ્યાસ દરમિયાન જ દેવ્યાનીબાએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાની શરૂ કરી હતી. અને ગ્રેજ્યુએટ થયા બાદ જુનિયર કારકુનની પરીક્ષામાં સફળતા મેળવીને અમદાવાદ જિલ્લા પંચાયતમાં જુનિયર કારકુન તરીકે ફરજ બજાવવાની શરૂઆત કરી હતી.

ત્યારબાદ દેવ્યાનીબાએ એટલેથી ન અટકતા તેઓએ વધારે તૈયારીઓ શરૂ કરી અને જેના પરિણામ સ્વરૂપે તેઓએ માત્ર ૨૩ વર્ષની ઉંમરે ગુજરાત જાહેર સેવા આયોગની પોલીસ ઈન્સ્પેક્ટરની પરીક્ષા મહિલા શ્રેણીમાં રાજ્યમાં પ્રથમનંબરે પાસ કરી ઈતિહાસ રચ્યો હતો. દેવ્યાનીબા બારડની આ સફળતા બદલ સમગ્ર વિસ્તાર તથા ખાસ કરીને નાડોદા રાજપૂત સમાજ લાગણીઓની શુભેચ્છા સાથે ગૌરંવિત થઈ રહ્યો છે. દેવ્યાનીબાની આ સફળતાથી વિસ્તારના યુવાનો તેમનામાંથી પ્રેરણા લઈ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓમાં લાગી ગયા છે.

નેશનલ હાઈવે પર ટ્રેલરે ભયજનક ટર્ન લેતા એસટી બસ સાથે ટક્કર: ઘટના કેમેરામાં કેદ

ભરૂચ

૧૬ ફેબ્રુઆરીએ અંકલેશ્વર નેશનલ હાઈવે પર ખરોડ ચોકડી નજીક એસ.ટી બસ અને ટ્રેલર વચ્ચે સર્જાયેલા અકસ્માતના સીસીટીવી કેમેરાના ફૂટેજ સામે આવ્યા છે. જેમાં ભયજનક રીતે ટ્રેલરે ટર્ન લીધો હતો અને હાઈવે પર ફૂલઝડપે આવતી બસ સાથે ટકરાયું હતું. નવસારીથી એસ.ટી.બસ નંબર-જી.જે.૧૮.ઝેડ.૫૮૧૫ મુસાફરીને લઈને બસ ચાલક અંબાજી જઈ રહ્યો હતો.

તે દરમિયાન અંકલેશ્વર નેશનલ હાઈવે ઉપર ખરોડ ચોકડી નજીક અંકલેશ્વર-સુરત ટ્રેક પરથી ઘસી આવેલા ટ્રેલર ચાલકે ખરોડ ચોકડી નજીક અચાનક યુ-ટર્ન લેતા એસ.ટી.બસ ટ્રેલર સાથે ધડાકાભેર ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બસમાં સવાર ૪૮ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ત્યારે અકસ્માતના બીજા દિવસે અકસ્માતના સીસીટીવી કેમેરાના ફૂટેજ સામે આવ્યા છે, જેમાં યુ-ટર્ન લઈ રહેલા ટ્રેલર સાથે બસ અથડાતાં હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.